UK Government

તમને Ofgem તરફથી જે પત્ર આવશે, તેમાં તમને તમારા ઘર માટેનો યુનકિ મેઝર રેફરન્સ નંબર જોવા મળશે. ફક્ત TrustMark જેવી માન્યતા ધરાવતી પાર્ટીઓને જ આ નંબર માટેનો ઍક્સેસ હશે. જો કોઈ તમારો સંપર્ક કરીને ઑડટિ ચકાસણી વશિ વાત કરે અને તમને આ યુનકિ મેઝર રેફરન્સ નંબર ન જણાવી શકે, તો તેમને તમારી વ્યક્તગિત માહતિી જણાવશો નહકિે તેમને તમારા ઘરમાં દાખલ થવા દેશો નહિં.

## ઑડટિ માટે આયોજન કરાવવા

- 0333 555 1234 પર કૉલ કરશો – વકિલ્પ 1 (સોમવારથી શુક્રવાર સવારે 9.00 - સાંજે 7.00, અને શનવિારે સવારે 9.00 – બપોરે 1.00 સુધી બૅંક હૉલડિ સવિાયના દવિસોએ ઉપલબ્ધ)

અમને onsitebookings@trustmark.org.uk પર ઈમેલ કરશો

TRUSTMARK
Government Endorsed Quality

UK Government

# શું તમને એક સરકારી યોજનાના ભાગરૂપે ઇન્સ્યુલેશનનું કામ કરી આપવામાં આવ્યું છે?

## જો તમે ECO4 અથવા GBIS યોજનાઓ હેઠળ બહારની દીવાલ માટેનું ઇન્સ્યુલેશન બેસાવડાવ્યું હોય તો હાલ જ પગલાં લો



TrustMark, જે સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત ગુણવત્તા યોજના છે, તે તમારા ઘરના વનિામૂલ્યે ઑડટિની ગોઠવણ કરશે. જો કોઈ સમસ્યાઓ જણાય તો જેમણે ઇન્સ્યુલેશન બેસાડી આપ્યું હતું તેઓ તમને વનિા કોઈ ખર્ચે તે સમું કરી આપશે.

કૉલ કરો: 0333 555 1234 – વકિલ્પ 1

TRUSTMARK
Government Endorsed Quality

## તમારે સંપર્ક શા માટે કરવો જોઈએ?

જો તમે સરકારની હાલની એનર્જી કંપની ઑબ્લિગેશન (ECO) યોજનાઓમાંની કોઈ એક યોજના હેઠળ બહારની દીવાલ માટેનું ઇન્સ્યુલેશન બેસાવડાવ્યું હોય તો તમારે અમારો સંપર્ક કરવો જોઈએ. ECO4 અથવા ગ્રેટ બ્રિટિશ ઇન્સ્યુલેશન સ્કીમ (GBIS).

આ પ્રકારનું ઇન્સ્યુલેશન કરાવડાવ્યું હોય તેવા મોટાભાગના ઘરોમાં ગુણવત્તામાં સમસ્યાઓ જણાઈ હતી. આની સામે પ્રતિસાદ તરીકે, સરકારે ઘરો સલામત રહે તે સુનિશ્ચિત કરવા માટે વિના મૂલ્યે ઑડિટની ઘોષણા કરી છે.

બધી સમસ્યાઓ તાત્કાલિક દેખાવા ન માંડે તેવું હોઈ શકે છે. તમે વિનામૂલ્યે ઑડિટ કરાવવાની ઑફરને સ્વીકારી લો એ અગત્યનું છે.

આ ઑડિટ માટે TrustMark, જે ECO4 અને GBIS યોજનાઓ હેઠળ ઊર્જા કાર્યક્ષમતા સુધારણાઓની ગુણવત્તા પર દેખરેખ રાખવા માટે જવાબદાર એવી સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત ગુણવતા યોજના છે, તે આગેવાની લેશે.



## તમારે શું કરવાનું રહેશે અને ક્યારે?

TrustMark ઘરોની બહારની દીવાલ માટેના ઇન્સ્યુલેશનનું વિનામૂલ્યે ઑડિટ કરી આપવા માટે સરકારે વિનંતી કરી હોવાથી કામ કરી રહ્યું છે.

વિના મૂલ્યે ઑડિટ કરાવવા માટે ફોન પર TrustMark નો સંપર્ક કરો:
**0333 555 1234 – વિકલ્પ 1**, અથવા ઈમેલ:
**onsitebookings@trustmark.org.uk**

TrustMark નો સંપર્ક કર્યા બાદના પગલાં આ છે:

1. **TrustMark તમારી પસંદગી અનુસાર ઈમેલ, ફોન, અથવા ટપાલથી તમારો સંપર્ક કરીને તમારા ઘરના વિનામૂલ્યે ઑડિટની ઑફર કરશે.**
2. **જો તમે ઑડિટ કરાવવાનું સ્વીકારો, તો TrustMark તરફથી એક લાયકાત ધરાવતા વ્યવસાયિક બેસાડવામાં આવેલા ઇન્સ્યુલેશનની ચકાસણી કરશે અને ધ્યાનમાં આવેલી બાબતો તમને સમજાવશે.**
3. **જો સમસ્યાઓ ધ્યાનમાં આવે તો, TrustMark આ સમસ્યાઓને તમને કોઈ ખર્ચ ન થાય તે રીતે સુધારી આપવાની વ્યવસ્થા કરશે. જ્યારે કામ પૂરું થઈ જાય ત્યારે તમને જાણ કરવામાં આવશે.**

આ ઑડિટ સલામતી અને તકનીકી માનકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. તમને કામના દેખાવ અંગે હોય તેવી સમસ્યાઓને તે ન આવરી લે તેવું બની શકે.

સરકાર ભારપૂર્વક ભલામણ કરે છે કે તમે તમારા ઘરના વિનામૂલ્યે ઑડિટની ઑફરનો સ્વીકાર કરો. જો કોઈ દેખીતી સમસ્યા ન હોય અને તમને તમારી બહારની દીવાલ માટેના ઇન્સ્યુલેશન બાબતે કોઈ ચિંતાઓ ન હોય તે છતાં પણ ઑડિટ કરાવવાનો વિકલ્પ લેવાની ભલામણ છે.